**Seat No. / Enrolment No.:**

# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY

**Diploma Engineering – SEMESTER – 4 (NEW) – EXAMINATION – Summer-2024**

**Subject Code: 4340003** **Date: 07-06-2024**
**Subject Name: Integrated Personality Development Course**
**Time: 02:30 PM TO 05:00 PM** **Total Marks: 70**
**Instructions:**

1. **Attempt all questions.**
2. **Make Suitable assumptions wherever necessary.**
3. **Figures to the right indicate full marks.**
4. **Use of programmable & Communication aids are strictly prohibited.**
5. **Use of non-programmable scientific calculator is permitted.**
6. **English version is authentic.**
7. Use only OMR to answer this question paper.

---

## Section A

*Instructions: For each question choose ONLY ONE option and mark it on the answer sheet given to you. All questions are compulsory. Answer according to what you learnt from the IPDC lectures and workbook.*

***Marks: 10***

1. ‘Live every day as your last’. This thought allows us to prioritize our life and achieve those things that are more important sooner.

A: True B: False

૧) ‘આજનો દિવસ મારો છેલ્લો દિવસ છે, એમ માનીને દરરોજ જીવો’. આ વિચાર આપણને આપણા જીવનનાં અગત્યનાં કાર્યોને પ્રધાનતા આપવામાં અને તે કાર્યોને ઝડપથી પૂરાં કરવામાં મદદરૂપ થાય છે.

a. સાચું b. ખોટું

2. The difference between who you are and who you want to be is what you believe. And that which you believe consistently is called a Habit.

A: True B: False

૨) તમે જે છો અને તમે જે બનવા માગો છો તેનો મુખ્ય આધાર તમે શું કરો છો એના પર રહેલો છે. અને તમે સાતત્ય જાળવીને જે કરતા રહો છો તેને આદત કહેવામાં આવે છે.

a. સાચું b. ખોટું

3. We should spend most of our time in the circle of concern.

A: True B: False

૩) આપણે મોટાભાગનો સમય ચિંતાના વર્તુળમાં પસાર કરવો જોઇએ

a. સાચું b. ખોટું

4. The Vedic text, Baudhāyana Shulba Sutra, contains surgical techniques like the heart bypass surgery.

A: True B: False

૪) પ્રાચીન ગ્રંથ એવા બૌધાયન શુલ્બસૂત્રમાં હાર્ટ બાયપાસ જેવી અનેક શસ્ત્રક્રિયાઓનો (સર્જરીનો) ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

a. સાચું b. ખોટું

5. The origin of Takshashilā goes back at least to 1000 BCE

A: True B: False

૫) તક્ષશિલાનો ઉદ્ભવ ઓછામાં ઓછો ઇ.સ. પૂર્વે ૧૦૦૦ પહેલા થયો છે.

a. સાચું b. ખોટું

6. Dr Abdul Kalam lived an extraordinary life but only during his time as the President.

A: True B: False

૬) ડૉ.અબ્દુલ કલામ ફક્ત રાષ્ટ્રપતિ તરીકેના સમય દરમિયાન જ અસાધારણ જીવન જીવ્યા હતા.

a. સાચું b. ખોટું

7. Networking is the process of calculating the net profit.

A: True B: False

૭) નેટવર્કીંગ એ ચોખ્ખા નફાની ગણતરી કરવાની પ્રક્રિયા છે.

a. સાચું b. ખોટું

8. Project Management should be done after completing the Project.

A: True B: False

૮) પ્રોજેક્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી કરવું જોઈએ.

a. સાચું b. ખોટું

9. Family and community culture can have a significant positive impact on one's health and well-being.

A: True B: False

૯) કૌટુંબિક અને સામાજિક સંસ્કૃતિ વ્યક્તિના સ્વાસ્થ્ય અને સુખાકારી ઉપર હકારાત્મક અસર કરી શકે છે.

a. સાચું b. ખોટું

10. Excessive social media usage has been critically linked to loneliness and depression within youth

A: True B: False

૧૦) સોશિયલ મીડિયાનો વધુ પડતો ઉપયોગ યુવાનોને હતાશા અને એકલતા તરફ દોરી જાય છે.

a. સાચું b. ખોટું

## Section B

*Instructions: For each question choose ONLY ONE option and mark it on the answer sheet given to you. All questions are compulsory. Answer according to what you learnt from the IPDC lectures and workbook.*

11. Which of the following are NOT one of IPDC's four quotients?

a. Intelligence Quotient

b. Emotional Quotient

c. Adaptability Quotient

d. Physical Quotient

**૧૧) વર્કબુક મુજબ નીચેનામાંથી કયો આંક ચાર આંકમાંથી નથી**?

a. **બુધ્ધિઆંક (**Intelligence Quotient)

b. **ભાવનાત્મક આંક (**Emotional Quotient)

c. **અનુકૂલન ક્ષમતા આંક (**Adaptability Quotient)

d. **શારીરિક આંક (**Physical Quotient)

12. Change begins, simply, with _?

a. Talent

b. An action

c. Effort

d. A thought

**૧૨) જીવનમાં પરિવર્તનની શરૂઆત એક ___ સાથે થાય છે**?

a. **પ્રતિભા**

b. **કાર્ય**

c. **પ્રયત્ન**

d. **વિચાર**

13. What did Tata do for the people of India?

a. Tata created a free telephone service with unlimited data.

b. Tata created an affordable car for every family.

c. Tata created the largest hospital in Mumbai.

d. Tata created a new submarine for the military.

**૧૩) ટાટાએ ભારતના લોકો માટે શું કર્યું**?

a. **ટાટાએ અમર્યાદિત ડેટા સાથે ટેલિફોન સેવા મફત આપી.**

b. **દરેક પરિવારને પોસાય તેવી કાર બનાવી.**

c. **મુંબઈમાં વિશાળ હોસ્પિટલ બનાવી.**

d. ભારતીય નૌકાદળ માટે નવી સબમરિન બનાવી.

14. During the 1999 ICC World Cup, Sachin Tendulkar's passed away, at that time he _.

a. Become emotionally unstable.

b. Was unable to continue playing in the world cup.

c. Refused to attend his father's final rites and continued to play cricket.

d. Maintained balance of mind.

૧૪) ૧૯૯૯ના આઈસીસી વર્લ્ડ કપ દરમિયાન, સચિન તેંડુલકરના પિતાનું નિધન થયું હતું, તે સમયે તે ___.

a. ભાવનાત્મક રીતે અસ્થિર બન્યો હતો.

b. વર્લ્ડકપની બાકીની મૅચ રમ્યો ન હતો.

c. પિતાની અંતિમ વિધિમાં હાજર ન રહ્યો અને ક્રિકેટ રમવાનું ચાલુ રાખ્યું.

d. મનનું સંતુલન જાળવ્યું.

15. What are the proven ways to show the other person that you are completely engaged in the conversation?

a. Summarizing the main points

b. Asking appropriate questions

c. a & b both

d. None of the above

૧૫) તમે કોઈ વ્યક્તિ સાથેના વાર્તાલાપમાં સંપૂર્ણપણે મગ્ન છો તે બતાવવાની રીતો કઈ છે?

a. મુખ્ય મુદ્દાઓનો સારાંશ

b. યોગ્ય પ્રશ્નો પૂછવા

c. a અને b બન્ને

d. ઉપરનામાંથી એકપણ નહીં

16. Around how many people studied at Takshashilā University for their post-graduation, at any one time?

a. 100

b. 1000

c. 10,000

d. 1,00,000

**૧૬) કોઈ એક સમયે તક્ષશિલા વિશ્વવિદ્યાલયમાં લગભગ કેટલા વિદ્યાર્થીઓ એકસાથે અભ્યાસ કરતા હતા**?

a. **૧૦૦**

b. **૧,૦૦૦**

c. **૧૦,૦૦૦**

d. **૧,૦૦,૦૦૦**

17. Which of the following methods should we NOT adopt during difficult challenges?

a. Find a positive attitude

b. Find someone to blame

c. Find workable solutions

d. Find assistance

**૧૭) મુશ્કેલ પડકારો દરમિયાન આપણે નીચેનામાંથી કઈ પદ્ધતિઓ અપનાવવી ન જોઈએ**?

a. **હકારાત્મક વલણ**

b. **કોઈને દોષિત ઠેરવવો**

c. **વ્યવહારુ ઉકેલ શોધવો**

d. **કોઇની મદદ મેળવવી**

18. In the book, '7 Habits of Highly Effective People', Stephen Covey says that we should stay in which one of these circles?

a. Circle of influence

b. Circle of miracles

c. Circle of concern

d. Circle of life

**૧૮) '૭ હેબિટ્સ ઓફ હાઈલી ઇફેક્ટિવ પીપલ' પુસ્તકમાં સ્ટીફન કવી કહે છે કે આપણે આમાંથી કયા પ્રકારના વર્તુળમાં રહેવું જોઈએ**?

a. **ક્ષમતાનું વર્તુળ**

b. **ચમત્કારનું વર્તુળ**

c. **ચિંતાનું વર્તુળ**

d. **જીવન વર્તુળ**

19. Who told journalists that, his children have not used the iPad and he put a limit on how much technology his kids use at home?

a. Mark Zuckerberg

b. Steve Jobs

c. Bill Gates

d. Tim Cook

**૧૯) કોણે પત્રકારોને કહ્યું કે, તેના બાળકોએ આઇપેડનો (iPad) ઉપયોગ કર્યો નથી અને તેણે પોતાના ઘરમાં બાળકો માટે ટેકનોલોજીના વપરાશ પર મર્યાદા મૂકી દીધી છે.**

a. **માર્ક ઝુકરબર્ગ**

b. **સ્ટીવ જોબ્સ**

c. **બિલ ગેટ્સ**

d. **ટીમ કૂક**

20. "We owe a lot to the Indians, who taught us how to count, without which no worthwhile scientific discovery could have been made." Who said this statement?

a. Ernest Rutherford

b. Guillaume Le Gentil

c. Albert Einstein

d. K. V. Sharma

**૨૦) "આપણે ભારતીયોના અત્યંત ઋણી છીએ, જેમણે આપણને ગણતરી કરતાં શીખવ્યું, જેના વગર કોઈ પણ મહત્ત્વની શોધ કરવી અશક્ય હતી." આ નિવેદન કોણે આપ્યું હતું?**

a. **અર્નેસ્ટ રુથરફોર્ડ** (Ernest Rutherford)

b. **ગિયોમ લ જાન્ટી** (Guillaume Le Gentil)

c. **આલ્બર્ટ આઈન્સ્ટાઈન** (Albert Einstein)

d. **કે.વી.શર્મા** (K.V.Sharma)

21. Which pair of titles from below best suits Aryabhata Rishi?

a. Astronomer-Mathematician

b. Physicist-Historian

c. Physicist-Biologist

d. Nuclear Scientist-Mathematician

૨૧) આર્યભટ્ટ ઋષિએ આપેલા વૈજ્ઞાનિક સિદ્ધાંતોના સંદર્ભે નીચેનામાંથી કયું જોડકું તેમના માટે ઉત્તમ છે?

a. ખગોળશાસ્ત્રી-ગણિતશાસ્ત્રી

b. ભૌતિકશાસ્ત્રી-ઇતિહાસકાર

c. ભૌતિકશાસ્ત્રી-જીવવિજ્ઞાની

d. અણુવિજ્ઞાની-ગણિતશાસ્ત્રી

22. What kind of person is NOT effective at networking?

a. Someone who is good at listening

b. Someone who is good at asking the right questions

c. Someone who stays in touch only when they need something

d. Someone who is sincere

૨૨) કયા પ્રકારના વ્યક્તિ નેટવર્કિંગમાં અસરકારક ન ગણાય?

a. જે સારા સાંભળનાર હોય

b. જે યોગ્ય સવાલો પૂછવામાં કુશળ હોય

c. જે ત્યારે જ કોઈના સંપર્કમાં આવે, જ્યારે તેમને કોઈ જરૂરિયાત હોય

d. જે નિષ્ઠાવાન હોય

23. Which of these is NOT one of the principles of the Project Management Triangle?

a. Environmental Impact

b. Quality of Project

c. Time Efficiency

d. Resources

૨૩) નીચેનામાંથી કયું પ્રોજેક્ટ-મેનેજમેન્ટ ટ્રાઇએન્ગલ સિદ્ધાંતોમાંનું નથી?

a. વાતાવરણની અસર

b. પ્રોજેક્ટની ગુણવત્તા

c. સમય

d. સંસાધનો

24. As per Pramukh Swami Maharaj, is technology a blessing or a curse?

a. Blessing

b. Curse

c. It is a blessing with its discreet usage and is a curse without

d. It is a curse with its discreet usage and is a blessing without

૨૪) પ્રમુખસ્વામી મહારાજના મત મુજબ ટેકનોલોજી એ આશીર્વાદરૂપ છે કે અભિશાપ?

a. આશીર્વાદરૂપ

b. અભિશાપ

c. વિવેકપૂર્ણ ઉપયોગ સાથે આશીર્વાદરૂપ છે, અને તે વિના અભિશાપ

d. વિવેકપૂર્ણ ઉપયોગ સાથે અભિશાપ છે, અને તે વિના આશીર્વાદરૂપ

25. Due to which one of the following reasons did Arunima Sinha lose her leg?

a. A car ran over her leg

b. A train crushed her leg

c. Her leg got stuck in a factory machine

d. She developed cancer in her leg

૨૫) નીચે આપેલા કયા કારણને લીધે અરુણિમા સિંહા પોતાનો પગ ગુમાવી બેઠી?

a. એક કાર તેના પગ ઉપર પસાર થઈ ગઈ.

b. એક ટ્રેન નીચે તેનો પગ કચડાઈ ગયો.

c. તેનો પગ એક કારખાનાના મશીનમાં ફસાઈ ગયો.

d. તેના પગમાં કેન્સર થયું હતું.

## Section C

*Instructions: For each question choose ONLY ONE option and mark it on the answer sheet given to you. All questions are compulsory. Read each question carefully before answering. Apply what you have learnt from the IPDC lectures and workbook to choose the best option.*

***Marks: 30***

26. 'First they break you and then they remake you'. What can we learn from this method that the USA Army use to train their recruits?

a. We should be ready to come out of our own comfort zone to further our personal growth.

b. We should break all limits and make new innovations.

૨૬) "First, they break you and then they remake you." યુ.એસ.એ. આર્મી તેમના સૈનિકોને પ્રશિક્ષિત કરવા આ રીત અપનાવે છે. તેના પરથી આપણને શું શીખવા મળે છે?

a. જીવનમાં આગળ વધવું હોય તો આરામદાયક પરિસ્થિતિ છોડવા તૈયાર થવું પડે.

b. આપણે બધી જ સીમાઓને તોડી કંઈક નવું કરવું જોઈએ.

27. Manish is upset because all his classmates have brand-name clothes and the latest mobile phones. Whereas his family's difficult financial situation means that Manish has no choice but to accept whatever used accessories his elder brother gives him. What advice do you think is the best advice for Manish right now?

a. Avoid focusing on what you do not have but learn to appreciate what you do have. This will bring positivity into your daily life.

b. This is life, just accept it. But if you work hard now, then you will earn enough money to buy whatever you want in the future. Then you will always be happy.

૨૭) મનીષના મિત્રો પાસે બ્રાન્ડેડ કપડાં અને મોંઘા આધુનિક ફોન છે; જ્યારે મનીષના ઘરની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી, તેને વપરાયેલી જે વસ્તુઓ મળે તે સ્વીકારવા સિવાય કોઈ છૂટકો નથી. આથી મનીષ દુ:ખી છે. આ સંજોગોમાં તમારા વિચાર પ્રમાણે કઈ સલાહ મનીષ માટે સૌથી વધુ યોગ્ય છે?

a. જે તમારી પાસે નથી તેના પર ધ્યાન આપવા કરતાં જે તમારી પાસે છે, તેની કદર કરો. આ સમજણ તમારા રોજિંદા જીવનમાં હકારાત્મકતા લાવશે.

b. આ જ જીવન છે, તેનો સ્વીકાર કરો. પરંતુ જો તમે અત્યારે સખત મહેનત કરશો, તો તમે ભવિષ્યમાં સારું કમાઈને તમને જે જોઈએ છે તે બધું મેળવી સુખી થઈ શકશો.

28. Two weeks ago, Abdul submitted his scientific research paper for his first review Due to the lack of support from his appointed research partner, Abdul had to rush the result analysis. Today, when he went to collect feedback, his Professor responded only with harsh criticism for his work. How do you think Abdul should handle the situation, going forward?

a. He should ignore the Professor's harsh tone and keep trying amidst the difficult circumstances.

b. He should try and use that criticism to improve his research paper

૨૮) બે અઠવાડિયા પહેલાં અબ્દુલે વિજ્ઞાન સંબંધી તેના સંશોધનને લગતું પેપર પ્રથમ સમીક્ષા માટે જમા કરાવ્યું. આ સંશોધનમાં તેની સાથે કામ કરતા સાથી મિત્ર તરફથી તેને કામમાં પૂરતો સહયોગ ન મળતાં છેલ્લી ઘડીએ ખૂબ દોડાદોડી થઈ. આજે જ્યારે તે તેના પ્રાધ્યાપક પાસે ફિડબેક (સૂચનો) લેવા ગયો ત્યારે તેમણે કડક શબ્દોમાં આલોચના કરી. આ પરિસ્થિતિમાં અબ્દુલે કેવી રીતે આગળ વધવું જોઇએ?

a. તેણે પ્રાધ્યાપકનાં કઠોર વચનોને અવગણીને મુશ્કેલ પરિસ્થિતિમાં પણ પ્રયત્નપૂર્વક મંડ્યા રહેવું જોઇએ.

b. તેણે તે આલોચનાનો ઉપયોગ કરી તેના સંશોધનકાર્યને સુધારવા પ્રયત્ન કરવો જોઇએ..

29. Radha wants to start a new habit of running 10km daily. She downloaded a fitness app and even bought new trainers. But she struggles to stay motivated to continue every day, especially when her legs feel a bit sore. What can she do to make this habit more regular in her daily routine?

a. Run an extra 5km on the next day as a punishment for skipping a day.

b. Allow herself a small reward every time she reaches her target.

૨૯) રાધા દરરોજ ૧૦ કિ.મી. દોડવાની નવી ટેવ પાડવા માંગતી હતી. તેણે ફીટ્નેસ એપ પણ ડાઉનલોડ કરી અને નવા ટ્રેઈનર્સ (પ્રશિક્ષક)ની પણ મદદ લીધી. પણ રોજ નિયમિતપણે દોડવામાં તેને મુશ્કેલી પડવા લાગી. અને ખાસ કરીને જ્યારે તેના પગમાં દુખાવો થતો હોય ત્યારે તમારા મત મુજબ, આ ટેવને રોજિંદા જીવનનો ભાગ બનાવવા તેણે શું કરવું જોઇએ?

a. એક દિવસ ન દોડવા બદલ બીજા દિવસે શિક્ષારૂપે ૫ કિ.મી. વધારે દોડવું જોઇએ.

b. જ્યારે તે તેના લક્ષ્યને મેળવે તે દરેક વખતે તેણે પોતાની જાતને કંઇક પ્રોત્સાહનરૂપે ઇનામ આપવું જોઇએ.

30. Dhaval has been visiting the cricket nets every day to practice for the upcoming regional trials in a few days. He feels confident in his ability and expects to gain a spot in the regional cricket team. Upon his regular visits, he gets familiar with another youth called Raj. Upon talking, Dhaval finds out that Raj is also applying for the trials. Raj requests Dhaval to give him some guidance on his batting style. Raj is not sure whether to help him or not, because competition is already high and Dhaval seems naturally talented. What do you think Raj should do?

a. Dhaval should try his hardest to assist Raj to improve his batting technique.

b. Dhaval should give Raj a few general tips before leaving to focus on his own technique.

૩૦) ધવલ, થોડા દિવસમાં ક્ષેત્રિય સ્તરે યોજાઇ રહેલી સ્પર્ધા માટે દરરોજ ક્રિકેટનેટમાં પ્રેક્ટિસ (અભ્યાસ) કરવા જાય છે. તેને તેની ક્ષમતા પર પૂરો વિશ્વાસ છે અને ક્ષેત્રિય ટીમમાં સ્થાન મેળવવા ઇચ્છે છે. આ દરમ્યાન તે ‘રાજ’ નામના બીજા યુવકના પરિચયમાં આવે છે, જે પણ તેની જેમ પ્રેક્ટિસ માટે આવે છે. વાત કરતાં તેને જાણવા મળે છે કે રાજ પણ ક્ષેત્રિય સ્પર્ધામાં ભાગ લેવાનો છે. પોતાની બેટિંગ સ્ટાઇલ સુધારવા રાજ ધવલ પાસે સલાહ-સૂચનો માંગે છે. ધવલ અસમંજસમાં આવી જાય છે. તે નક્કી નથી કરી શકતો કે તેણે રાજને મદદ કરવી જોઇએ કે નહીં. કારણ કે ગળાકાપ સ્પર્ધા છે, અને પાછો રાજ પ્રતિભાશાળી પણ છે. તમારા વિચાર મુજબ ધવલે શું કરવું જોઇએ?

a. રાજની બેટિંગ સ્ટાઇલ સુધરે તે માટે ધવલે પોતાથી બને તેટલી રાજને મદદ કરવી જોઇએ.

b. ધવલે રાજને થોડાં સામાન્ય સૂચનો આપી અને પછી પોતાની ટેકનિક પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ.

31. Mr. Honda is the CEO of a clothing manufacturing company. Over the last two years, Mr Honda has successfully opened 18 new factories around India. Today, he has a review meeting with his clients in Mumbai. Just as he was about to board his flight, he receives news of an accident in one of his nearby factories. One of the machines temporary malfunctioned, injuring 15-20 of his workers. What should Mr Honda do?

a. Mr. Honda should reschedule his meeting and visit the factory to personally provide emotional and financial support to his workers according to their needs.

b. Mr. Honda should inform the manager to give the workers a financial package for their troubles and then continue to his meeting.

૩૧) શ્રીમાન હોન્ડા એક કપડાં બનાવતી કંપનીના સી.ઇ.ઓ. છે. છેલ્લા બે વર્ષમાં શ્રી હોન્ડાએ આખા ભારતમાં સફળતાપૂર્વક નવી ૧૮ ફેક્ટરીઓ ખોલી છે. આજે તેમનાં ગ્રાહકો સાથે મુંબઈમાં તેમની રીવ્યુ મિટિંગ છે. એ વિમાનમાં ચડવાના હતા ત્યાં જ તેમને તેમની એક નજીકની ફેક્ટરીમાં અકસ્માત થયાના સમાચાર મળે છે. એક મશીનમાં ખરાબીને કારણે ૧૫-૨૦ કારીગરોને ઈજા થઈ છે. આ સમયે શ્રી હોન્ડાએ શું કરવું જોઈએ?

a. શ્રી હોન્ડાએ તેમની મિટિંગ બીજા કોઇ દિવસે ગોઠવી ફેક્ટરી પર જઈને કારીગરોને ભાવાનાત્મક અને તેમની જરૂરિયાત મુજબ આર્થિક ટેકો આપવો જોઇએ.

b. શ્રી હોન્ડાએ તેમના મેનેજરને કહીને કારીગરોને આ મુશ્કેલ પરિસ્થિતિમાં આર્થિક સહાય અપાવીને તેમની મિટિંગ કરી લેવી જોઇએ

32. Satya is currently studying at 9th standard. His schoolwork has moved online and he now studies at home all the time. He spends hours on his phone every day to keep himself entertained and to escape his boredom. He feels bad about it. What advice would you give him?

a. It is a tough time right now, spending more time on social media will allow you to pass time quicker.

Search for posts that are positive and useful.

b. It is a tough time right now, so it is important to make sure we do not slip into harmful habits and lose control of our attention. So, limit the time in which you use social media.

૩૨) સત્ય હાલમાં ૯માં ધોરણમાં અભ્યાસ કરે છે. તેનું શાળાકીય કાર્ય ઓનલાઇન ચાલે છે અને તે હવે આખો દિવસ ઘરે જ અભ્યાસ કરે છે. તે મનોરંજન અને કંટાળાને દૂર કરવા માટે રોજ ફોન પર કલાકો વિતાવે છે. આ ટેવથી તે પોતે પરેશાન છે. તમે તેને શું સલાહ આપશો?

a. અત્યારે કઠણ સમય છે, સોશિયલ મીડિયા પર વધુ સમય વિતાવવાથી તમે ઝડપથી સમય પસાર કરી શકશો. સકારાત્મક અને ઉપયોગી છે તેવી પોસ્ટ શોધો.

b. અત્યારે કઠણ સમય છે, તેથી આપણી એકાગ્રતા તોડે તેવી આ હાનિકારક ટેવથી દૂર રહીએ એ મહત્ત્વનું છે. તેથી, તમે સોશિયલ મીડિયાના ઉપયોગના સમયને મર્યાદિત કરો.

33. Chandresh has been using his phone at night before bedtime and now experiences sleeplessness. How would you suggest he solves this problem?

a. He should only use limited applications at night and avoid playing any games on his phone.

b. He should set a fixed time at night where he stops using social media. And he should not sleep with his phone within reach.

૩૩) ચંદ્રેશ સૂતા પહેલાં રાત્રે તેનો ફોન વાપરી રહ્યો છે અને હવે તેને ઊંઘ આવતી નથી. તમે આ સમસ્યાનો હલ શું સૂચવશો?

a. તેણે રાત્રે માત્ર મર્યાદિત એપ્લિકેશનનો જ ઉપયોગ કરવો જોઇએ અને તેના ફોન પર રમતો રમવાનું ટાળવું જોઇએ.

b. તેણે રાત્રે એક નિશ્ચિત સમય સેટ કરવો જોઇએ જેથી તે સમયે તે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવાનું બંધ કરે અને તેણે રાત્રે સૂતી વખતે ફોન પોતાની નજીક રાખીને સૂવું ન જોઇએ.

34. Chris Anderson (Chief Executive of 3D Robotics) once stated that "We have seen the dangers of technology first-hand. I've seen it in myself, I don't want to see that happen to my kids." Which statement best describes the important lesson to be learnt from this quote?

a. Children under the age of 12 should be banned from using social media.

b. The use of technology can be harmful, especially for youths. It should be limited and used cautiously.

૩૪) ક્રિસ એન્ડરસને (3D રોબોટીક્સના ચીફ એક્ઝિક્યુટિવ) એકવાર કહ્યું હતું કે "આપણે ટેકનોલોજીની ભયાનકતા જોઇ છે. મારા જીવનમાં પણ તેનો અનુભવ કર્યો છે. હું નથી ઇચ્છતો કે મારા બાળકો પણ તેનો ભોગ બને." આમાંથી શીખી શકાય તેવું અગત્યનું વાક્ય કયું છે?

a. ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકો પર સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂકવો જોઇએ.

b. ટેકનોલોજીનો ઉપયોગ ખાસ કરીને યુવાનો માટે હાનિકારક નીવડી શકે છે. તેનો ઉપયોગ મર્યાદિત રાખવો જોઇએ અને સાવચેતીપૂર્વક કરવો જોઇએ.

35. Bhavya has just completed her master's degree in Biophysics. She is now applying to take a PhD at five of the top 20 universities in America. She has received admission to two universities and is now deciding which admission to accept. After weighing up both options, she has seen two deciding factors. Which of the below factors do you think she should prioritize as the most important?

a. The expertise and suitability of the PhD supervisor.

b. The reputation and prestige of the university.

૩૫) ભવ્યએ હમણાં જ બાયોફિઝિક્સમાં માસ્ટર ડિગ્રી લીધી છે. તે પી.એચ.ડી. માટે અમેરિકાની ટોચની ૨૦ યુનિવર્સિટીઓમાંથી પાંચમાં પ્રવેશ મેળવવા પ્રયત્ન કરી રહી છે. તેને બે યુનિવર્સિટીમાં પ્રવેશ મળ્યો છે અને હવે તે દ્વિધામાં છે કે કઇ યુનિવર્સિટીમાં જવું. બન્નેની તુલના કરતાં બે બાબતો સામે આવી. તમારા મત મુજબ નીચેની કઇ બાબતને પ્રાધાન્ય આપવું જોઇએ?

a. નિપુણ અને યોગ્ય પી.એચ.ડી. ગાઈડ.

b. યુનિવર્સિટીની ખ્યાતિ તથા પ્રતિષ્ઠા.

36. Ravi has recently developed a new start-up company providing an online delivery service. His company has been gaining many orders from his customers. His six employees have been working non-stop for the last 18 hours to meet the increased demands. As he is about to leave the office, he sees it is 10 PM, and his employees must still package 300 more products before they can rest tonight. As their leader, how should Ravi engage with his employees?

a. Ravi should take out a few minutes to order his employees to work harder and faster.

b. Ravi should stay with his employees to help them finish packaging the products.

૩૬) રવિએ તાજેતરમાં એક નવી સ્ટાર્ટ-અપ કંપની ચાલુ કરી છે જે ઓનલાઇન ડિલિવરી સેવા પૂરી પાડે છે. તેની કંપનીને ગ્રાહકો પાસેથી ઘણા ઓર્ડર મળી રહ્યા છે. ઓર્ડર વધતાં, તેના ૬ કર્મચારીઓ છેલ્લા ૧૮ કલાકથી સતત કામ કરી રહ્યા છે. જ્યારે રવિ ઓફિસથી નીકળવાની તૈયારી કરે છે, ત્યારે તે જુએ છે કે રાતના ૧૦ વાગ્યા છે અને તેના કર્મચારીઓ હજી કામ કરી રહ્યા છે, અને હજુ ૩૦૦ ઓર્ડરનાં પેકિંગ બાકી છે. એક લીડર તરીકે, રવિએ તેના કર્મચારીઓ સાથે કેવી રીતે વર્તવું જોઇએ?

a. રવિએ તેના કર્મચારીઓને સખત અને ઝડપી મહેનત કરવાનો આદેશ આપવો જોઈએ.

b. ઓર્ડર્સનું પેકિંગ પૂરું થઈ જાય ત્યાં સુધી રવિએ તેના કર્મચારીઓ સાથે રહીને તેમને મદદ કરવી જોઈએ.

37. Megha has recently been feeling unhappy and lonely. For the last 2 weeks, she has been longing to share her emotions with someone. What should she do?

a. She should reach out to people using social media and create new friendships.

b. She should express her feelings to family members with who she feels comfortable.

૩૭) મેઘા થોડા સમયથી દુઃખ અને એકલતા અનુભવે છે. છેલ્લા ૨ અઠવાડિયાથી, તે કોઇકની સાથે પોતાની લાગણીઓ વ્યક્ત કરવા ઇચ્છે છે. મેઘાએ શું કરવું જોઈએ?

a. તેણે સોશિયલ મીડિયાના માધ્યમથી લોકો સુધી પહોંચવું જોઈએ અને નવા મિત્રો બનાવવા જોઈએ.

b. તેણે પરિવારના જે સભ્ય સાથે વધુ નિકટતા હોય તેની સાથે પોતાની લાગણીઓ વ્યક્ત કરવી જોઈએ.

38. As a result of his good exam performance, Kirtan recently gained admission to a prestigious college. But upon exploring the college environment, he sees that most of the students are intelligent, wealthy and speak fluent English. Kirtan, coming from a lesser advantaged background, feels that he does not belong in this environment. What do you think Kirtan should do?

a. Kirtan should remember that he has earned the right to admission through his academic ability. He should focus on working hard and not on his background.

b. Kirtan needs to be more like the other students. If he starts wearing fancy clothes and copies the speaking style of the other students, then he will feel more comfortable.

૩૮) પરીક્ષામાં સારું પરિણામ મળવાને કારણે કીર્તને એક પ્રતિષ્ઠિત કોલેજમાં પ્રવેશ મેળવ્યો. કોલેજની મુલાકાત લેતાં તેને લાગ્યું કે, અહીં તો બધા વિદ્યાર્થીઓ બહુ જ હોશિયાર છે, વળી પૈસાદાર પણ છે અને સરળતાથી અંગ્રેજીમાં વાતો પણ કરે છે. આથી, કીર્તનને એવું લાગવા માંડે છે કે પોતે એક સામાન્ય ઘરમાંથી (રૂઢિચુસ્ત માહોલમાંથી) આવે છે અને પોતે બીજા લોકો સાથે નહીં ભળી શકે. તમારા વિચાર પ્રમાણે કીર્તને શું કરવું જોઇએ ?

a. કીર્તને એ ન ભૂલવું જોઇએ કે તેની શૈક્ષણિક લાયકાતને આધારે તેને અહીં પ્રવેશ મળ્યો છે. તેણે સખત મહેનત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ, નહીં કે ભૂતકાળમાં તેને મળેલા વાતાવરણ ઉપર.

b. કીર્તને બીજા વિદ્યાર્થી જેવા બનવા પ્રયન્ત કરવો જોઇએ. જો તે આધુનિક વસ્ત્રો પહેરે અને બીજા વિદ્યાર્થીઓની વાતચીત કરવાની ઢબ અપવાને તો તેને કોલેજના માહોલમાં સાનુકૂળતા રહેશે.

39. Nehal spent her school vacation volunteering for a disaster relief project. This required her to spend two weeks packing and distributing food packets for flood victims. This seva was tiring and time-consuming. Despite her efforts she found the residents of one village to be very ungrateful. The residents took the food packets, but they did not say thanks, smile, or give any response. This made Nehal feel sad and unappreciated. What advice best suits Nehal's difficulty during this seva?

a. We should not expect everyone to be thankful. Instead, we should be thankful that we have been given the opportunity to perform this important seva.

b. Only a few residents were ungrateful. But some people from the other villages praised us, so we should remember those praises instead.

૩૯) નેહલે પોતાનું સ્કૂલ વેકેશન પૂર હોનારતના રાહતકાર્ય માટે સ્વયંસેવક તરીકે ગાળ્યું. તેણે પૂર પીડિતો માટે બે અઠવાડિયા સુધી પેકિંગ અને ફૂડપેકેટ વિતરણની સેવા કરી. આ સેવા થાક લાગે તેવી અને સમય માંગી લેતી હતી. તેના પ્રયત્નો છતાં તેને એક ગામના રહેવાસીઓ ખૂબ જ કૃતઘ્ની લાગ્યા. રહેવાસીઓએ ફૂડપેકેટ લીધા, પરંતુ તેઓએ આભાર પણ માન્યો નહીં, સ્મિત કે કોઈ પ્રતિભાવ પણ આપ્યો નહીં. આનાથી નેહલ દુઃખી થઇ અને તેનો ઉત્સાહ ઓસરી ગયો. આ સેવા દરમ્યાન નેહલની મુશ્કેલીને અનુરૂપ કઈ સલાહ આપ આપશો?

a. દરેક આપણો આભાર માને તેવી અપેક્ષા આપણે ન રાખવી જોઈએ. તેના બદલે, આપણે તેમના આભારી બનવું જોઈએ કે તેમણે આપણને આ મહત્ત્વપૂર્ણ સેવા કરવાની તક આપી.

b. થોડા રહેવાસીઓ કૃતઘ્ની હતા જ. પરંતુ અન્ય ગામોના લોકોએ આપણી પ્રશંસા કરી, તેથી આપણે તે પ્રશંસાને યાદ કરવી

40. Anjali has prepared for a cultural festival dance performance at her college. She has been practising for many weeks. It is now the day before the event and Anjali is feeling quite confident. But that was until she saw the other participants practising. Seeing their dance routines, she felt that they were far more superior than her. What would you recommend her to do?

a. She should remember her efforts and give her best performance possible.

b. She should give an excuse to the organiser and avoid her performance to prevent any potential embarrassment.

૪૦) અંજલિ કોલેજના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા ઘણા દિવસથી તૈયારી કરી રહી છે. હવે કાર્યક્રમને એક જ દિવસ બાકી છે અને અંજલિ પૂરી રીતે તૈયાર છે. પણ જ્યારે તેણે બીજા સ્પર્ધકોને તૈયારી કરતાં જોયા ત્યારે તેને લાગે છે કે તે લોકો એના કરતાં ઘણું વધારે સારું કરી રહ્યા છે. આ સમયે તમે અંજલિને શું સલાહ આપશો?

a. તેણે પોતે કરેલી મહેનતમાં વિશ્વાસ રાખી કાર્યક્રમમાં ઉત્તમ દેખાવ કરવો જોઇએ.

b. તેણે આયોજકોને કોઇક બહાનું બતાવી કાર્યક્રમમાં ભાગ ન લેવો જોઇએ, જેથી ક્ષોભજનક પરિસ્થિતિમાં ન મુકાવું પડે.

*****************************************